# માતા / સર્ગભા મહીલા આરોગ્ય

## માતા આરોગ્ય

- માતા મૃત્યુના મુખ્ય કારણો પ્રસુતિ પૂર્વે કે પછીના હેમરેજ, એનીમીયા, ઓબસ્ટ્રેકટેડ લેબર , હાયપર ટેન્સીવ ડીસ ઓર્ડર,ગર્ભપાત કે ટોકસીમીયા છે. આવા કારણો પૈકી મોટા ભાગના કારણો સંસ્થાકીય પ્રસુતિથી, ઘરે કરાવાતી પ્રસુતિને સલામત રીતે કરાવીને તથા સમયસરની રેફરલ અને તબીબી સારવારથી અટકાવી શકાય છે.

➢ **કાર્યક્રમ અંતર્ગત નીચીની માતૃત્વ સેવાઓ પૂરી પડાય છે.**

- સગર્ભા સ્રીઓની પૂર્વ પ્રસુતિ સેવાઓ માટે નોંધણી.
- પ્રસુતાની દેખરેખ અને પ્રસુતિ સંબંધી ઉભી થતી મુશ્કેલીઓ અને જોખમોના સમયસર નિદાન માટે એએનએમ અથવા તબીબ ધ્વારા ઓછામાં ઓછી ત્રણ તબીબી તપાસ .
- સંસ્થાકીય પ્રસુતિ માટે પ્રોત્સાહન અને ઘરે પ્રસુતિ કરાવાય તો તે સલામત રીતે થાય તેવી જોગવાઇ.
- પ્રસુતિ બાદની માવજત અને ઉભી થતી મુશ્કેલીઓના સમયસર નિદાન માટે અનુપ્રસુતિ સેવાઓની જોગવાઇ.
- માતાઓ અને બાળકોના બચાવ માટે રાજયમાં ચિરંજીવી યોજના અમલમાં મુકવામાં આવી છે, જેના થકી કોઇ પણ ગરીબી રેખા નીચેની માતાને કરાબધ્ધ ખાનગી સ્રી રોગ નિષ્ણાત પાસે પ્રસુતિ કરાવી શકાય.
- જનની સુરક્ષા યોજના હેઠળ સગર્ભાવસ્થા દરમ્યાન પોષક આહાર માટે રૂ. 500/- અને રૂ. 200/- પરિવહન સહાય મળી કુલ રૂપિયા 700/- સહાય ચુકવવામાં આવે છે.
- સગર્ભા બહેનો, ધાત્રી માતાઓ અને પાંચ વર્ષ સુધીના બાળકોને લાભ આપવામાં આવે છે.
- સ્રી આરોગ્ય કાર્યકર, આંગણવાડી વર્કર, કેલ્પર/ આશા વર્કર, આરોગ્ય આઇ.સી.ડી.એસ. સુપરવાઇઝર સંકલિત સેવાઓ પૂરી પાડે છે.
- સગર્ભા બહેનોની નોંધણી, પ્રસુતિ પૂર્વેની તપાસ અને પોષક આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે.
- પ્રાથમિક સારવાર સમયસર મેળવી શકે તે માટે માતા અને બાળક દીઠ મમતા કાર્ડ આપવામાં આવે છે જેમાં જરૂરી નોંધ પણ કરવામાં આવતી હોય છે.

- **મમતા દિવસ**

  **નિયત બુધવારે ગામમાં નિયત સ્થળે**

  - સગર્ભા માતાઓની નોંધણી અને તપાસ .
  - દવાઓ અને બાળ રસીકરણ.
  - લોહ તત્વ અને કેલ્શિયમની ગોળીઓ તથા વિટામીન- એ નો ડોઝ .
  - આઇ.સી.ડી.એસ. દ્વારા અપાતી સેવાઓ જેવી કે ,
    ફોર્ટીફાઇડ લોટ,આયોડિન યુક્ત મીઠુ,બાળભોગ,સગર્ભા માતાને પૂરક આહાર આપવામાં આવે છે.